કાફિયા વૈવિધ્ય સભર

હિના શાહ 'મહેંદી' કૃત ગઝલસંગ્રહ

'રંગ મારો ખુદનો છે'

(વિમોચન : તા. ૧૧-૧૨-૨૦૨૨)

- ઉદય શાહ

હિના શાહ 'મહેંદી'એ એમના હૃદયમાં, ગઝલસંગ્રહમાં અને વિમોચન પ્રસંગે મંચ પર મને ગુરુ પદે સ્થાન આપ્યું એ બદલ હું આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું. હું ખૂબ જ ટૂંકા સમયમાં 'ગુજરાતી ગઝલનું કાફિયાશાસ્ત્ર' પ્રસ્તુત કરવા જઈ રહ્યો છું. આ સમયે હિના શાહ 'મહેંદી'નો ગઝલસંગ્રહ 'રંગ મારો ખુદનો છે' મને મળ્યો કે જે સુંદર ગઝલોની સાથે-સાથે એની કાફિયા-ચુસ્તતાને કારણે પણ આગવી ઓળખ બનાવે છે. કાફિયા બાબતે આટલી સભાનતા ખૂબ ઓછા ગઝલકારોમાં જોવા મળે છે. કાફિયાશાસ્ત્રની રચના માટે મેં જે જે પ્રકારનું કાફિયા-વૈવિધ્ય નોંધ્યું છે એમાંનું લગભગ બધા જ પ્રકારનું કાફિય-વૈવિધ્ય આ ગઝલસંગ્રહમાં જોવા મળ્યું છે તથા એમની ગઝલોમાં કાફિયાદોષ શોધી શકાય એમ નથી. આ વાત માટે પણ હું આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું. અહીં ગઝલમાં કાફિયા-વ્યવસ્થાની ચર્ચા અને કાફિયા-વૈવિધ્ય સાથે 'રંગ મારો ખુદનો છે' ગઝલસંગ્રહમાંથી ઉદાહરણ સ્વરૂપે કેટલીક ગઝલના મતલા અને ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા પ્રસ્તુત કરું છું.

"ગઝલમાં પ્રયુક્ત બધા જ કાફિયામાં ઓછામાં ઓછો એક અંત્યાક્ષર એકસરખો હોવો જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ." ઉદાહરણો પ્રસ્તુત છે.

(૧)

જરા આપવાથી એ મળશે વધારે,
હું એથી જ આપ્યા કરું વારેવારે.
કાફિયા : વધારે – વારેવારે
કાફિયા-વ્યવસ્થા : આકાર+રે
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : વિચારે, હજારે, સુધારે, ઉધારે.
(પૃષ્ઠ ક્રમાંક ૧૯)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'રે' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે.

(૨)

કરમ કરવાં પડે એવાં, મદદમાં આમ નહીં આવે,
તમે સ્વાર્થી બની બોલાવશો તો શ્યામ નહીં આવે.
કાફિયા : આમ – શ્યામ
કાફિયા-વ્યવસ્થા : આકાર+મ
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : રામ, કામ, નામ, ધામ.
(પૃષ્ઠ ક્રમાંક ૫૫)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'મ' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે.

(૩)

એની સાથે દર્દ એ લટકામાં તેડી લાવશે,
હોય હિંમત તો જ કરજો પ્રેમ, નહીં તો ચાલશે.
કાફિયા : લાવશે – ચાલશે
કાફિયા-વ્યવસ્થા : અકાર+શે
અતિયુસ્ત કાફિયા-વ્યવસ્થા : આકાર+અકાર+શે
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : વરસાવશે, નિભાવશે, લાગશે, સંતાડશે.
(પૃષ્ઠ ક્રમાંક ૧૪)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર ‘શે’ એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર ‘અ’ એકસરખો છે તથા એના પહેલાના અક્ષરનો સ્વર ‘આ’ પણ એકસરખો છે. ‘શે’ કૃદંતનો પ્રત્યય હોવાથી એને કાફિયાનો જ ભાગ ગણવો જોઇએ.

(૪)

મને શાને મળ્યું આવું? બધાં એ ગડમથલમાં છે,
અરે! વાવ્યા હતા એવા જ તો દાણા ફસલમાં છે.
કાફિયા : ગડમથલમાં – ફસલમાં
કાફિયા-વ્યવસ્થા : અકાર+લમાં
અતિયુસ્ત કાફિયા-વ્યવસ્થા : અકાર+અકાર+લમાં
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : અસલમાં, ગઝલમાં, કતલમાં, નકલમાં.
(પૃષ્ઠ ક્રમાંક ૩૨)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો ‘લમાં’ એકસરખા છે અને એના પહેલાના અક્ષરનો સ્વર ‘અ’ એકસરખો છે તથા એના પહેલાના અક્ષરનો સ્વર ‘અ’ પણ એકસરખો છે. ‘માં’ કાફિયા સાથે જોડીને લખાતો હોવા છતાં વિભક્તિનો પ્રત્યય હોવાથી રદીફનો ભાગ ગણાશે.

(૫)
કહે જેને લોકો મગજમારી મારી,
નડે છે એ લોકોને ખુદ્દારી મારી.
કાફિયા : મગજમારી – ખુદ્દારી
કાફિયા-વ્યવસ્થા : આકાર+રી
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : ગદ્દારી, સમજદારી, વફાદારી, નાદારી.
(પૃષ્ઠ ક્રમાંક ૭૧)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'રી' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે. પરંતુ મતલાના 'મગજમારી' કાફિયા સિવાય બાકીના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'રી'ને બદલે અંત્યાક્ષરો 'દારી' એકસરખા થઈ જતાં હોવાથી કાફિયાદોષ બને છે. મારા દ્રષ્ટિકોણ મુજબ કાફિયાદોષ હોય એવી આખા ગઝલસંગ્રહમાં આ એકમાત્ર ગઝલ છે.

"જે કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો ન હોય પરંતુ અંત્યાક્ષરોનો ફક્ત સ્વર જ એકસરખો હોય એવા સ્વરાંત કાફિયામાં અકારાંત કાફિયા વર્જિત છે." આ પ્રકારના કાફિયામાં રામ – પ્રીત – શેર – દોડ જેવા અકારાંત કાફિયા વર્જિત છે. સ્વરાંત કાફિયાના ઉદાહરણો પ્રસ્તુત છે.

(૧)
વેદના પામી છતાં સંવેદના ઓછી પડી,
જિંદગી અર્પણ કરી તો પણ વફા ઓછી પડી.
કાફિયા : સંવેદના – વફા
કાફિયા-વ્યવસ્થા : આકારાંત
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : શમા, હવા, દુઆ, પ્રાર્થના.
(પૃષ્ઠ ક્રમાંક ૧૫)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો નથી પરંતુ ફક્ત અંત્યાક્ષરનો સ્વર 'આ' જ એકસરખો છે.

(૨)
શબ્દના પડઘા બધે વ્યાપી જશે,
મૌન રહીને બોલ તો ફાવી જશે.
કાફિયા : વ્યાપી – ફાવી
કાફિયા-વ્યવસ્થા : ઈકારાંત
અતિચુસ્ત કાફિયા-વ્યવસ્થા : આકાર+ઈકાર
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : કાપી, આપી, મારી, નાસી.
(પૃષ્ઠ ક્રમાંક ૩૪)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં એકસરખા અંત્યાક્ષરો નથી પરંતુ અંત્યાક્ષરનો સ્વર 'ઈ' એકસરખો છે તથા એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' પણ એકસરખો છે.

"જો એકસરખા અંત્યાક્ષરો પહેલાનો અક્ષર જોડાક્ષર અથવા અકારાંત લખાતા હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતા અક્ષર હોય તો એ પણ બધા જ કાફિયામાં એકસરખા જ હોવા જોઇએ અને એના પહેલાના અક્ષરનો ફક્ત સ્વર એકસરખો હોવો જોઇએ. આ પ્રકારના કાફિયામાં જ સૌથી વધારે કાફિયાદોષ જોવા મળતો હોય છે પરંતુ 'રંગ મારો ખુદનો છે' ગઝલસંગ્રહમાં આ પ્રકારના કાફિયામાં પણ કાફિયાદોષ જોવા મળતો નથી. ઉદાહરણો પ્રસ્તુત છે.

(૧)
સમજી વિચારીને જ હું ડગલું ભર્યા કરું,
પણ ઢાળ એવો તારી તરફ કે સર્યા કરું.
કાફિયા : ભર્યા – સર્યા
કાફિયા-વ્યવસ્થા : અકાર+ર્યા
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : ધર્યા, મર્યા, કર્યા, ઝર્યા.
(પૃષ્ઠ ક્રમાંક ૫૬, પહેલી પંક્તિને અંતે 'કરું'ને બદલે ભૂલથી 'કર્યું' છપાયું છે.)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'ર્' સહિત અંત્યાક્ષર 'યા' એટલે કે 'ર્યા' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે. 'ભર્યા' અથવા 'સર્યા' કાફિયા સાથે કહ્યા, લખ્યા, વસ્યા વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં જોડાક્ષર અલગઅલગ હોય.

(૨)
મેં પ્રેમ કરવા એને મારો હાથ લંબાવ્યો હતો,
પણ પ્રેમ સાચી લાગણીનો એને ક્યાં ફાવ્યો હતો?
કાફિયા : લંબાવ્યો – ફાવ્યો
કાફિયા-વ્યવસ્થા : આકાર+વ્યો
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : અપનાવ્યો, અટકાવ્યો, આવ્યો, સમજાવ્યો.
(પૃષ્ઠ ક્રમાંક ૨૨)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'વ્' સહિત અંત્યાક્ષર 'યો' એટલે કે 'વ્યો' એકસરખો છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો છે. 'લંબાવ્યો' અથવા 'ફાવ્યો' કાફિયા સાથે આપ્યો, ચાખ્યો, નાચ્યો વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં જોડાક્ષર અલગઅલગ હોય.

(3)
જાણી કરીને કામ ખોટાં હું કદી કરતી નથી,
ને એટલે ભગવાન, તારાથી કદી ડરતી નથી.
કાફિયા : કરતી – ડરતી
કાફિયા-વ્યવસ્થા : અકાર+રતી
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : કરગરતી, આચરતી, છેતરતી, ધરતી.
(પૃષ્ઠ ક્રમાંક 33)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'રતી' એકસરખા છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે. અહીં કાફિયામાં છેલ્લેથી બીજો અક્ષર 'ર' અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર છે કે જે બધા જ કાફિયામાં એકસરખો જ છે. 'કરતી' અથવા 'ડરતી' કાફિયા સાથે હસતી, ઘડતી, લખતી વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર (અહીં છેલ્લેથી બીજો અક્ષર) અલગઅલગ હોય.

(૪)
રહ્યાં ઉત્તર અને દક્ષિણ છતાં મળતાં અમે જોયાં,
મીઠાં મધ નીરને ખારાશમાં ભળતાં અમે જોયાં.
કાફિયા : મળતાં – ભળતાં
કાફિયા-વ્યવસ્થા : અકાર+ળતાં
ગઝલમાં પ્રયુક્ત અન્ય કાફિયા : ઉછળતાં, વળતાં, પીગળતા, ઓગળતાં.
(પૃષ્ઠ ક્રમાંક ૨૩)

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'ળતાં' એકસરખા છે અને એના પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો છે. અહીં કાફિયામાં છેલ્લેથી બીજો અક્ષર 'ળ' અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર છે કે જે બધા જ કાફિયામાં એકસરખો જ છે. 'મળતાં' અથવા 'ભળતાં' કાફિયા સાથે હસતાં, ઘડતાં, લખતાં વગેરે જેવા કાફિયા અયોગ્ય ગણાય છે કે જેમાં અકારાંત લખાતો હોવા છતાં જોડાક્ષરની માફક હલન્તોચ્ચાર ધરાવતો અક્ષર (અહીં છેલ્લેથી બીજો અક્ષર) અલગઅલગ હોય. આ ગઝલમાં 'પીગળતા' કાફિયામાં અનુસ્વારના નિયમોને આધીન અનુનાસિક અનુસ્વારની છૂટ લેવામાં આવી છે કે જે સ્વીકાર્ય ગણાય છે.

મારા દ્રષ્ટિકોણ મુજબ લગભગ બધા જ પ્રકારના કાફિયાના વૈવિધ્ય ધરાવતો ગઝલસંગ્રહ 'રંગ મારો ખુદનો છે' આપવા બદલ હિના શાહ 'મહેંદી'ને ખૂબ ખૂબ અભિનંદન તથા ગઝલપ્રેમીઓ એમની ગઝલોને માણે અને નવોદિતો કાફિયાની ચુસ્તતા અને વૈવિધ્યના અભ્યાસ માટે એમના આ ગઝલસંગ્રહનો પણ અભ્યાસ કરે એવી અનેક શુભેચ્છાઓ.

Uday Shah
(Navsari)
(M) 9428882632
Date : 14-12-2022